GJSK190000182025

આંક–

:: નમુના–અ ::

| જયુડીશીયલ મેજીસ્ટ્રેટ ફસ્ટ કલાસ સાહેબની કોર્ટમાં મુ.પોશીના, જીલ્લો – સાબરકાંઠા | |
|---|---|
| ચુકાદાની તારીખ | ૧૫/૦૭/૨૦૨૬ |
| ફોજદારી કેસ નંબર | ૧૫/૨૦૨૫ |
| ગુનાની વિગત | |
| ગુનાની કલમ | ભારતીય ન્યાય સંહિતાની કલમ–૧૦૬(૧), ૨૮૧, ૧૨૫(એ), ૧૨૫(બી) તથા એમ.વી.એકટની કલમ–૧૭૭, ૧૮૪, ૧૩૪(બી) |
| પ્રથમ માહિતી અહેવાલ નંબર | પોશીના પોલીસ સ્ટેશન પાર્ટ–એ ગુ.ર.નં.૧૧૨૦૯૦૪૦૨૪૦૩૨૮/૨૦૨૪ |
| પોલીસ સ્ટેશન | પોશીના પોલીસ સ્ટેશન |
| ફરીયાદ પક્ષ | સરકારશ્રી/ફરીયાદીનું નામ : મીનાભાઇ સાજાભાઇ બુંબડીયા રહે.વલસાડી (મુખી ફળો), તા.પોશીના |
| રજુઆત | વિ.એ.પી.પી.શ્રી એસ.ડી. પટેલ |
| આરોપી પક્ષ | આરોપીનું નામ : હિતેશભાઇ શંકરભાઇ ગમાર રહે.ગુંદીખાણા (હળદર ફળી), તા.પોશીના |
| રજુઆત | વિ.વ.શ્રી ડી.એચ. સોલંકી |

:: નમુના–બ ::

| | |
|---|---|
| ગુનાની તારીખ | ૦૧/૦૭/૨૦૨૪ |
| પ્રથમ માહિતી અહેવાલની તારીખ | ૦૧/૦૭/૨૦૨૪ |
| આખરી અહેવાલની તારીખ | ૦૭/૦૧/૨૦૨૫ |
| તહોમતનામા / પ્લીની તારીખ | ૦૭/૦૧/૨૦૨૫ |
| પુરાવો શરુ થયાની તારીખ | ૨૭/૦૧/૨૦૨૫ |
| ચુકાદા માટે રાખવાની તારીખ | ૧૫/૦૭/૨૦૨૬ |
| ચુકાદાની તારીખ | ૧૫/૦૭/૨૦૨૬ |
| સજા હુકમની તારીખ (લાગુ પડે તો) | –– |

:: આરોપીની વિગત ::

| અનુક્રમ | આરોપીનું નામ | ધરપકડ તારીખ | જમીન મુકત તારીખ | તહોમત | શું નિર્દોષ છોડયા / સજા કરી | સજા | સુનાવણી દરમ્યાન અટકાયતનો સમયગાળો |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | હિતેશભાઇ શંકરભાઇ ગમાર | ૨૪/૦૭/૨૪ | ૨૪/૦૭/૨૪ | ભારતીય ન્યાય સંહિતાની કલમ-૧૦૬(૧) , ૨૮૧, ૧૨૫(એ), ૧૨૫(બી) તથા એમ.વી. એકટની કલમ-૧૭૭, ૧૮૪,૧૩૪(બી) | નિર્દોષ | - | - |

:: નમુના-ક ::

ફરીયાદી / બચાવ / ન્યાયાલયના સાક્ષીની યાદી

અ. ફરીયાદપક્ષના સાક્ષી

| અ.નં. | નામ | પુરાવાનો પ્રકાર |
|---|---|---|
| ફ.સ.૧ | મીનાભાઇ સાજાભાઇ બુબડીયા | ફરીયાદી |
| ફ.સ.૨ | ચંદુભાઇ નાણાભાઇ ગમાર | પંચ સાહેદ |
| ફ.સ.૩ | ભારથાભાઇ ભારમોલભાઇ ગમાર | પંચ સાહેદ |
| ફ.સ.૪ | કેશરાભાઇ મણાભાઇ બુબડીયા | સાહેદ |
| ફ.સ.૫ | જોગાભાઇ હસાભાઇ બુબડીયા | સાહેદ |
| ફ.સ.૬ | મહેશભાઇ હસાભાઇ બુબડીયા | સાહેદ |
| ફ.સ.૭ | સંગીતાબેન જોવનાભાઇ બુબડીયા | સાહેદ |
| ફ.સ.૮ | હરમીબેન ગુલાભાઇ બુબડીયા | સાહેદ |
| ફ.સ.૯ | મણાભાઇ વજાભાઇ બુબડીયા | સાહેદ |
| ફ.સ.૧૦ | લસાભાઇ લીંબાભાઇ બુબડીયા | સાહેદ |
| ફ.સ.૧૧ | કરનાભાઇ અનાભાઇ બુબડીયા | સાહેદ |
| ફ.સ.૧૨ | જોગાભાઇ રામસાભાઇ બુબડીયા | સાહેદ |
| ફ.સ.૧૩ | રૂમાલભાઇ કેશરાભાઇ બુબડીયા | સાહેદ |
| ફ.સ.૧૪ | બંસીભાઇ લખાભાઇ બુબડીયા | સાહેદ |
| ફ.સ.૧૫ | દિલીપસિંહ સેતાનસિંહ રાઓલ | ત.ક.અમલદાર |

બ. બચાવપક્ષના સાક્ષી

| અ.નં. | નામ | પુરાવાનો પ્રકાર |
|---|---|---|
| બ.સ.૧ | – | – |

ક. ન્યાયાલયના સાક્ષી

| અ.નં. | નામ | પુરાવાનો પ્રકાર |
|---|---|---|
| ન્યા.સ.૧ | – | – |

ફરીયાદી/બચાવ/ન્યાયાલયના આંકની યાદી

અ. ફરીયાદપક્ષના આંકની યાદી

| અ.નં. | આંક સંખ્યા | વર્ણન |
|---|---|---|
| ૧ | આંક-૧૫ | ઇન્વેસ્ટ પંચનામું |
| ૨ | આંક–P1/PW1 | ફરીયાદ |
| ૩ | આંક–P1/PW2 | ગુનાવાળી જગ્યાનું પંચનામું |
| ૪ | આંક–P1/PW15 | સુચિપત્ર |
| ૫ | આંક–૪૧ | મેડીકલ સર્ટીફીકેટ |
| ૬ | આંક–૪૨ | મેડીકલ સર્ટીફીકેટ |
| ૭ | આંક–૪૩ | મેડીકલ સર્ટીફીકેટ |
| ૮ | આંક–૪૪ | સ્થળ પરીક્ષણ અહેવાલ |
| ૯ | આંક–૪૫ | પી.એમ. નોટ |

બ. બચાવપક્ષના આંકની યાદી

| અ.નં. | આંક સંખ્યા | વર્ણન |
|---|---|---|
| ૧ | આંક : બ–૧/બ.સ.૧ | – |

ક. ન્યાયાલયના આંકની યાદી

| અ.નં. | આંક સંખ્યા | વર્ણન |
|---|---|---|
| ૧ | આંક : ન્યા.–૧/ન્યા.સ.૧ | – |

ડ. ભૌતિક પદાર્થ

| અ.નં. | ભૌતિક પદાર્થ સંખ્યા | વર્ણન |
|---|---|---|
| ૧ | ભૌ.પ.૧ | – |

**:: ઠરાવ ::**

(૧) ફરીયાદપક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, આ કામના

આરોપીએ તા.૦૧/૦૭/૨૦૨૪ ના કલાક ૧૩–૪૫ વાગે મોજે સાલેરા ગામે રોડ ઉપર પોતાના કબજાની જીપ ગાડી નં.જી.જે.૧૫.બી.બી.૦૨૫૧ ની પુરઝડપે, ગફલતભરી અને બેદરકારી રીતે હંકારી સ્ટેરીંગ પરનો કાબુ ગુમાવી રોડની સાઇડમાં પલટી ખવડાવી ગાડીની અંદર બેઠેલ લીલાબેન હોનાભાઇ બુબડીયાનું મોત નીપજાવી તેમજ હરમીબેન ગુલાભાઇ બુબડીયાને જમણા હાથના કાંડાના ભાગે ઇજા પહોંચાડી ફ્રેકચર કરી તેમજ સંગીતાબેન જોવનાભાઇ બુબડીયાને ડાબા કાનના પાછળના ભાગે ઇજાઓ પહોંચાડી તેમજ બંસીભાઇ લાખાભાઇ બુબડીયાને છાતીના ભાગે તેમજ જમણા પગે ઇજાઓ પહોંચાડી પોતાના કબજાની કમાન્ડર જીપગાડી નં.જી.જે.૧૫.બી.બી.૦૨૫૧ ની મુકી નાસી જઇ ભારતીય ન્યાય સંહિતાની કલમ–૧૦૬(૧), ૨૮૧, ૧૨૫(એ), ૧૨૫(બી) તથા એમ.વી. એકટની કલમ–૧૭૭, ૧૮૪, ૧૩૪(બી) મુજબનો ગુનો આ અદાલતની હકુમતમાં કરતા આરોપી વિરુધ્ધ ફરીયાદીએ પોશીના પો. સ્ટે. ફ. ગુ.ર.નં.૦૩૨૮/૨૦૨૪ થી ફરીયાદ નોંધાવતાં તપાસ કરનાર અમલદારે જરૂરી તપાસ કરી આરોપી વિરુધ્ધ પુરતો પુરાવા જણાઇ આવતા હાલનું ચાજશીટ કરેલ છે.

(૨) આ કામના આરોપીને સમન્સની ધોરણસર બજવણી થઇ જતાં આરોપી અત્રેની અદાલત સમક્ષ હાજર થતાં આરોપીને પોલીસ પેપર્સની નકલ મળી ગયાની ખાત્રી કરી આરોપી સામે આંક–૪ થી તહોમતનામું ફરમાવ્યા બાદ, આંક–૫ થી નિવેદન લેતાં તેણે તહોમતનામામાં જણાવેલ આક્ષેપિત ગુનાનો ઇન્કાર કરતાં સદર કામ આગળ ચલાવવામાં આવેલ છે.

(૩) આ કામે ફરીયાદપક્ષ તરફે નીચે મુજબનો મૌખિક તથા દસ્તાવેજી પુરાવો રજુ કરવામાં આવેલ છે.

**:: મૌખિક પુરાવો ::**

(૧) આંક–૧૬ ફરીયાદી મીનાભાઇ સાજાભાઇ બુબડીયાની જુબાની

(૨) આંક–૧૭ પંચ સાહેદ ચંદુભાઇ નાણાભાઇ ગમારની જુબાની

(૩) આંક–૧૮ પંચ સાહેદ ભારથા ભારમોલભાઇ ગમારની જુબાની

(૪) આંક–૨૧ સાહેદ કેશરાભાઇ મણાભાઇ બુબડીયાની જુબાની

(૫) આંક–૨૨ સાહેદ જોગાભાઇ હસાભાઇ બુબડીયાની જુબાની

(૬) આંક–૨૩ સાહેદ મહેશભાઇ હસાભાઇ બુબડીયાની જુબાની

(૭) આંક–૨૪ સાહેદ સંગીતાબેન જોવનાભાઇ બુબડીયાની જુબાની

(૮) આંક–૨૫ સાહેદ હરમીબેન ગુલાભાઇ બુબડીયાની જુબાની

(૯) આંક–૨૬ સાહેદ મણાભાઇ વજાભાઇ બુબડીયાની જુબાની

(૧૦) આંક–૨૯ સાહેદ લસાભાઇ લીંબાભાઇ બુબડીયાની જુબાની

(૧૧) આંક–૩૦ સાહેદ કસ્નાભાઇ અનાભાઇ બુબડીયાની જુબાની

(૧૨) આંક–૩૧ સાહેદ જોગાભાઇ રામસાભાઇ બુબડીયાની જુબાની

(૧૩) આંક–૩૨ સાહેદ રૂમાલભાઇ કેશરાભાઇ બુબડીયાની જુબાની

(૧૪) આંક–૩૬ સાહેદ બંસીભાઇ લખાભાઇ બુબડીયાની જુબાની

(૧૫) આંક–૪૦ ત.ક.અમલદાર ડી.એસ. રાઓલની જુબાની

**:: દસ્તાવેજી પુરાવો ::**

(૧) આંક–૧૫ ઈન્કવેસ્ટ પંચનામું

(૨) આંક–P1/PW1 ફરીયાદ

(૩) આંક–P1/PW2 ગુનાવાળી જગ્યાનું પંચનામું

(૪) આંક–P1/PW15 સુચિપત્ર

(૫) આંક–૪૧ મેડીકલ સર્ટીફીકેટ

(૬) આંક–૪૨ મેડીકલ સર્ટીફીકેટ

(૭) આંક–૪૩ મેડીકલ સર્ટીફીકેટ

(૮) આંક–૪૪ સ્થળ પરીક્ષણ અહેવાલ

(૯) આંક–૪૫ પી.એમ. નોટ

(૪) વિ. એ.પી.પી.ની મૈખીક વિનંતીથી ફરીયાદપક્ષનો પુરાવો બંધ કર્યો. ત્યારબાદ આરોપીનું ભારતીય નાગરીક સુરક્ષા સંહિતાની કલમ–૩૫૧ મુજબ વિશેષ નિવેદન નોંધવામાં આવતાં જેમાં મહત્મ હકીકતોનો ઈન્કાર કરેલ છે અને વિશેષમાં જણાવેલ છે કે, આરોપીએ તેની સામે ખોટો કેસ કરેલાનું જણાવી તેઓ નિર્દોષ હોઇ છોડી મુકવા અરજ કરેલ છે.

ત્યાર બાદ ફરીયાદપક્ષે વિ. એ.પી.પી.શ્રી એસ.ડી. પટેલની તથા આરોપી તરફે વિ.વ.શ્રી બી.એસ. વાઘેલાની દલીલો સાંભળી.

(૫) કેસના આખરી નિકાલ સારૂ નીચે મુજબના મુદ્દા ઉપસ્થીત થાય છે.

**<u>-: મુદ્દાઓ :-</u>**

(૧) શું ફરીયાદપક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, આ કામના આરોપીએ તા.૦૧/૦૭/૨૦૨૪ ના કલાક ૧૩-૪૫ વાગે મોજે સાલેરા ગામે રોડ ઉપર પોતાના કબજાની જીપ ગાડી નં.જી.જે.૧૫.બી.બી.૦૨૫૧ ની પુરઝડપે, ગફલતભરી અને બેદરકારી રીતે હંકારી સ્ટેરીંગ પરનો કાબુ ગુમાવી રોડની સાઇડમાં પલટી ખવડાવી ગાડીની અંદર બેઠેલ લીલાબેન હોનાભાઇ બુબડીયાનું મોત નીપજાવી તેમજ હરમીબેન ગુલાભાઇ બુબડીયાને જમણા હાથના કાંડાના ભાગે ઈજા પહોંચાડી ફેકચર કરી તેમજ સંગીતાબેન જોવનાભાઇ બુબડીયાને ડાબા કાનના પાછળના ભાગે ઈજાઓ પહોંચાડી તેમજ બંસીભાઇ લાખાભાઇ બુબડીયાને છાતીના ભાગે તેમજ જમણા પગે ઈજાઓ પહોંચાડી પોતાના કબજાની કમાન્ડર જીપગાડી નં.જી.જે.૧૫.બી.બી.૦૨૫૧ ની મુકી નાસી જઇ ભારતીય ન્યાય સંહિતાની કલમ-૧૦૬(૧), ૨૮૧, ૧૨૫(એ), ૧૨૫(બી) તથા એમ.વી. એકટની કલમ-૧૭૭, ૧૮૪, ૧૩૪(બી) મુજબનો શિક્ષાપાત્ર ગુનો અદાલતની હકુમતમાં કરેલ છે ?

(૨) શું હુકમ ?

(૬) ઉપરોકત મુદા અંગેના ન્યાયીક નિર્ણય નીચે મુજબ છે.

(૧) નકારમાં

(૨) આખરી હુકમ મુજબ

(૭) ઉપરોકત મુદાઓના નિર્ણય માટેના કારણો નીચે મુજબ છે.

:: કારણો ::

(૮) <u>મુદા નંબર–૧ :–</u>

(૯) ફરીયાદપક્ષે આ કામના ફરીયાદી મીનાભાઇ સાજાભાઇ બુબડીયાને આંક–૧૬ થી સાહેદ નં.૧ તરીકે તપાસવામાં આવેલ છે. તેઓ તેમની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવે છે કે, હું ધોરણ–૨ સુધી ભણેલો છું. બનાવની ચોકકસ તારીખ મને હાલ યાદ નથી. પરંતુ બનાવ આજથી આશરે એકાદ વર્ષ અગાઉ બનેલો. બનાવના દિવસે અમો આશરે એકથી દોઢ વાગ્યાની આસપાસ વલસાડીથી કેસરપુરા ગામે કેશરાભાઇના દિકરાનું લગ્ન હોઇ હું તથા મણાભાઇ વજાભાઇ બુબડીયાનાઓ મારુ મોટર સાયકલ લઇ નીકળેલ હતા અને અમારી સાથે ૧૦ થી ૧૫ બીજી જીપ ગાડીઓમાં બીજા માણસો બેસેલ હતા. સાલેરા ગામે પહોંચતા એક જીપ ગાડી પલટી મારી ગયેલ અને અમો પાછળ હોઇ તરત જ ત્યાં પહોંચેલ. સદર જીપ ગાડીના ચાલકને જોયેલ તો તે ગુંદીખાણા ગામનો હિતેષભાઇ શંકરભાઇ ગમારનાઓ હતા. સદર બનાવમાં લીલાબેન હોનાભાઇ બુબડીયાનાઓ સદર જીપ ગાડી નીચે દબાય ગયેલા. જેથી આજુબાજુમાંથી માણસો આવી જતા બધાએ ભેગા મળી તેને બહાર કાઢેલ તે વખતે લીલાબેન ગંભીર હાલતમાં હતા. સદર બનાવમાં બીજા ચારેક માણસોને ઇજા થયેલ. સદરહુ અકસ્માત જીપ ગાડીના ડ્રાઇવરની ભુલના કારણે થયેલો. જીપ ગાડીની ઝડપ ૫૦ થી ૬૦ કિ.મી. ની હતી. સદર બનાવમાં ઇજા પામનારને બીજી કમાન્ડર જીપ ગાડીમાં બેસાડી પોશીના પ્રાઇવેટ જનતા હોસ્પીટલ ખાતે લઇ જતા ડોકટરે લીલાબેનને મરણ જાહેર કરેલા. ત્યાર બાદ લીલાબેનની લાશ પોશીના સીવીલ હોસ્પીટલ ખાતે લઇ ગયેલા. બીજા ઇજા પામનારાઓએ પોશીના સરકારી દવાખાને સારવાર કરાવેલ. બનાવ વખતે મે પલટી મારી ગયેલ જીપ ગાડીનો નંબર જોયેલો અને ફરીયાદમાં લખાવેલો. જેથી કમાન્ડર જીપગાડીના ચાલક વિરૂધ્ધ મે પોશીના પો. સ્ટે. ખાતે ફરીયાદ આપેલી. જે અસલ ફરીયાદ મને બતાવવામાં આવે છે તેમાં ફરીયાદી તરીકે મારી સહી છે જે સહી હુ ઓળખું છું. જે ફરીયાદ આ કામે આંક–P1/PW1 થી રજુ છે.

સદર ફરીયાદીએ બચાવપક્ષે કરવામાં આવેલ ઉલટતપાસમાં એ હકીકત જણાવેલ છે કે, એ વાત ખરી છે કે, હું વલસાડીનો છું અને

હિતેશભાઇ ગુંદીખાણાનો છે. એ વાત ખરી છે કે, આ બંને ગામ નજીક નજીક આવેલા છે. એ વાત ખરી છે કે, ચંદ્વાણાથી પોશીના અને પોશીના થી ચંદ્વાણાના આ હિતેશભાઇ જીપ ગાડી લઇ ફેરા કરતા હતા. એ વાત ખરી છે કે, આ બનાવ બન્યા પહેલાથી જ હિતેશભાઇને ઓળખું છું. એ વાત ખરી છે કે, જાનના દિવસે ૧૦ થી ૧૫ ગાડીઓ લાઇનમાં ચાલતી હતી. પલટી ખાઇ ગયેલી તે ગાડીમાં આશરે ૧૦ થી ૧૧ માણસો બેસેલ હતા. ચંદ્વાણાથી પોશીનાનો રોડ એ સીંગલ પટ્ટી રોડ છે. વલસાડીથી પોશીના આવતા બનાવવાળી જગ્યાએ માપનો જમ્પ આવેલો છે. એ વાત ખરી નથી કે, આ રસ્તા ઉપર બે સાધનો સામ સામે આવે તો ધીમા કરવા પડે. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે, બે સાધનો સહેલાઇથી ધીમા પાડયા વગર નીકળી જાય તેવો રોડ છે. એ વાત ખરી છે કે, જીપ ગાડી પલટી મારી ગયેલ પછી અમો ગયેલા. હું બીજા ધોરણ સુધી ભણેલ છું. એ વાત ખરી છે કે, તેથી હું અંગ્રેજીમાં શબ્દો કે આંકડા વાંચી શકુ નહી. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે, હું આંકડા વાંચી શકુ. એ વાતની મને ખબર નથી કે, મે મારી ફરીયાદમાં બનાવ વખતે હિતેશભાઇ ગાડી ચલાવતા હતા કે કેમ તેવું લખાવેલ છે કે કેમ. એ વાત ખરી છે કે, આ જીપ ગાડીના ચાલકનું નામ પોલીસે મને કીધેલું તેથી મે જાણેલુ. એ વાત ખરી છે કે, હું મોટર સાયકલ પર હતો. એ વાત ખરી નથી કે, હું બાઇક ઉપર હતો તેથી ગાડીની ઝડપ ૫૦ થી ૬૦ હતી તેવું કહી ના શકું. એ વાત ખરી નથી કે, જીપ ગાડી ૫૦ થી ૬૦ ની ઝડપે જતી હતી તે વાત હું ખોટી જણાવું છું. એ વાત ખરી છે કે, બનાવવાળી જગ્યાએ જમ્પ આવી ગયેલો તેથી ગાડી પલટી ખાઇ ગયેલી. એ વાત ખરી નથી કે, આ અકસ્માત હિતેશભાઇના ભુલના કારણે બનેલો. એ વાત ખરી નથી કે, હિતેશભાઇની ભુલના કારણે બનાવ ન બનેલ હોવા છતાં ખોટી ફરીયાદ આપેલ છે.

(૧૦) ફરીયાદપક્ષે આંક–૧૭ થી પંચ સાહેદ ચંદુભાઇ નાણાભાઇ ગમારને તથા આંક–૧૮ થી પંચ સાહેદ ભારથાભાઇ ભારમોલભાઇ ગમારને સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે. તેઓ તેમની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવે છે કે, પોલીસે અમોને આશરે એકાદ વર્ષ અગાઉ પોશીના પો. સ્ટે.

ખાતે એક તૈયાર લખેલા કાગળમાં સહી કરવાનું કહેતા સહી કરેલ. પોલીસે અમોને કોઇ ગુનાવાળી જગ્યાનું પંચનામું કરવા કોઇ જગ્યાએ બોલાવેલ હોય તેવું બનેલ નથી. જે પંચનામાને રજુ આંક–P1/PW2 આપવામાં આવે છે. જેમાં તેઓ સહી ઓળખી બતાવે છે.

સદર પંચ સાહેદો પંચનામાની હકીકતને સમર્થન કરતા ના હોઇ વિ.એ.પી.પી.શ્રીની મૌખિક વિનંતીથી ફરી ગયેલા સાહેદો તરીકે જાહેર કરેલા છે.

સદર પંચ સાહેદો બચાવપક્ષ ધ્વારા કરવામાં આવેલ ઉલટતપાસમાં એ હકીકત જણાવે છે કે, એ વાત ખરી છે કે, એક તૈયાર લખેલા કાગળમાં સહી કરવાનું કહેતા સહી કરેલ. સહી કર્યા સીવાય બીજી કોઇ જાત માહિતી નથી. એ વાત ખરી છે કે, અમારી હાજરીમાં ગુનાવાળી જગ્યાનું પંચનામું પોલીસે કરેલ નથી.

(૧૧) ફરીયાદપક્ષે સાહેદ કેશરાભાઇ મણાભાઇ બુબડીયાને આંક–૨૧ થી સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે. તેઓ તેમની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવે છે કે, હું ભણેલ નથી. બનાવ આજથી આશરે બેએક વર્ષ અગાઉ બનેલો. બનાવના દિવસે મારા દિકરા રૂમાલભાઇનું લગ્ન હોઇ તેની જાન કેસરપુરા ગામે જવાની હોઇ અને જાનમાં જવા માટે પ્રાઇવેટ કમાન્ડર જીપ ગાડીઓ કરેલ હતી. જેમાં ગામના માણસો કેસરપુર ગામમાં જવા નીકળેલ હતા અને તે દરમ્યાન સાલેરા ગામે રોડ ઉપર પહોંચતા બપોરના આશરે બારેક વાગ્યાના સુમારે કમાન્ડર જીપ ગાડીના ચાલકે સ્ટેરીંગ પરનો કાબુ ગુમાવતા સદર જીપ ગાડી રોડની ડાબી બાજુએ ઉપરી જતા પલટી ખાઇ ગયેલ. જેથી બુમાબુમ થતા અમારી જીપ ગાડીમાંથી હું તથા બીજા માણસો તથા બીજી જીપ ગાડીઓમાં થી માણસો દોડીને પલટી ખાઇ ગયેલ જીપ નજીક ગયેલા અને જોયેલ તો અમારી કુટુંબી વહુ કે જે હોનાભાઇ બુબડીયાની પત્ની થતા હતા તેઓ સદર જીપ ગાડી નીચે દટાય ગયેલ હોઇ અમારા ગામના માણસોએ મળી જીપ ગાડી ઉંચી કરી તેઓને બહાર કાઢેલ અને તેઓને જોતા બેભાન અવસ્થામાં ગંભીર હાલતમાં હતા. સદર બનાવમાં

સંગીતાબેન તથા ગુલાભાઇના પત્નીને તથા અન્ય એક છોકરાને ઈજાઓ થયેલ હતી. જેથી તમામ ઈજા પામનાર માણસોને સારવાર માટે દવાખાને લઇ ગયેલ. સદર અકસ્માતમાં હોનાભાઈ બુબડીયાના પત્ની મરણ ગયેલ. સદર પલટી ખાઇ ગયેલ જીપ ગાડી ગુંદીખાણાનો છોકરો ચલાવતો હતો. સદરહું અકસ્માત ડ્રાઇવરની ભુલના કારણે બનેલો. બનાવ વખતે જીપ ગાડી આસ્તે (ધીમે) ચાલતી હતી. સદર અકસ્માત બાદ જીપ ગાડીનો ચાલક ગાડી મુકીને નાસી ગયેલ. આ કામના ફરીયાદી મીનાભાઇ મારા કુટુંબી થાય છે.

આ સાહેદ બચાવપક્ષ ધ્વારા કરવામાં આવેલ ઉલટતપાસમાં એ હકીકત જણાવેલ છે કે, હું જે જીપમાં બેસેલ હતો તે જીપમાં ઓછામાં ઓછા દસ જેટલા માણસો બેસેલ હતા. હું જીપમાં પાછલી સીટમાં બેસેલ હતો. એ વાત ખરી છે કે, હું બીજી જીપમાં બેસેલ હોઇ આ જીપ કઇ રીતે પલટી ખાઇ ગયેલ તે મે જોયેલ નહી. એ વાત ખરી છે કે, અકસ્માત કરનાર ડ્રાઇવર મે જોયેલ નથી. એ વાત ખરી નથી કે, ડ્રાઇવરની ભુલના કારણે અકસ્માત બનેલ હોય તેવું બનેલ નથી. એ વાત ખરી નથી કે, ફરીયાદી મારા કાકા થતા હોઇ તેઓની ફરીયાદને સમર્થન આપવા ખોટી જુબાની આપુ છું.

(૧૨) ફરીયાદપક્ષે સાહેદ જોગાભાઈ હસાભાઈ બુબડીયાને આંક-૨૨ થી તપાસવામાં આવેલ છે. તેઓ તેમની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવે છે કે, હું ધોરણ-૩ સુધી ભણેલ છું. આ કામના ફરીયાદી મીનાભાઇ સાજાભાઇ અમારા ગામના છે. બનાવના દિવસે મારા કાકા કેસરાભાઇના દિકરા રૂમાલભાઈનું લગ્ન હોઇ તેની જાન કેસરપુરા ગામે જવાની હતી. જાનમાં જવા માટે પ્રાઈવેટ કમાન્ડર જીપ ગાડીઓ કરેલ હતી. જાનમાં જવા અમે આશરે બારેક વાગે નીકળેલા ત્યારે સાલેરા ગામે અડધા કલાક પછી પહોંચેલા ત્યારે બીજી કમાન્ડર જીપ ગાડી કે જે શંકરનો છોકરો ગુંદીખાણા વાળો ચલાવતો હતો તે જીપ ગાડીને અકસ્માત થયેલ. આ અકસ્માત જીપ ગાડીના ડ્રાઈવરની ભુલના કારણે બનેલ. આ જીપ ગાડી પલટી મારી ગયેલી. બુમાબુમ થતા મને અકસ્માતની જાણ થયેલી. તેથી અમે બધા જાનવાળા અકસ્માતવાળી જીપ ગાડી પાસે ગયેલા અને ત્યાં જઇને જોયેલ તો જીપ ગાડી પલટી ખાઇ ગયેલ

હતી અને લીલાબેન જીપ ગાડીની નીચે દટાય ગયેલ હાલતમાં હતા. તેથી અમે બધાએ જીપ ગાડીને ઉપાડીને નીચેથી લીલાબેનને બહાર કાઢેલા ત્યારે લીલાબેન મરણ ગયેલ હતા. આ અકસ્માતમાં એક ભાઇ તથા એક બેનને વાગેલ હતુ. જેથી તેઓને સારવાર માટે દવાખાને લઇ ગયેલ. આ અકસ્માતમાં વળાંક આવવાના કારણે થયેલો. અકસ્માત બાદ જીપ ગાડીનો ચાલક ગાડી મુકીને નાસી ગયેલ હતો.

આ સાહેદ બચાવપક્ષ ધ્વારા કરવામાં આવેલ ઉલટતપાસમાં એ હકીકત જણાવેલ છે કે, એ વાત ખરી છે કે, બનાવ બન્યો ત્યારે મે આરોપીને નજરો નજર જોયેલ નહી. એ વાત ખરી છે કે, અકસ્માતવાળી જે ગાડી શંકરભાઇનો છોકરો ચલાવતો હતો તે વાત મને પોલીસે કહેલી. એ વાત ખરી છે કે, ગુંદીખાણા અને વલસાડી નજીક નજીક આવેલા છે. એ વાત ખરી છે કે, હું બીજી જીપમાં બેસેલ હોઇ આ જીપ કઇ રીતે પલટી ખાઇ ગેલ તે મે જોયેલ નહી. એ વાત ખરી છે કે, બનાવવાળી જગ્યા સાંકડી છે અને વળાંકવાળો રસ્તો છે. એ વાત ખરી છે કે, બુમાબુમ થતા મને ખબર પડેલી.

(૧૩) ફરીયાદપક્ષે સાહેદ મહેશભાઇ હસાભાઇ બુબડીયાને આંક–૨૩ થી તપાસવામાં આવેલ છે. તેઓ તેમની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવે છે કે, હું ભણેલ નથી. આ કામના ફરીયાદી મીનાભાઇ સાજાભાઇ અમારા ગામના છે. બનાવના દિવસે મારા કુટુંબી કેસરાભાઇના દિકરા રૂમાલભાઇનું લગ્ન હોઇ તેની જાન કેસરપુરા ગામે જવાની હતી. જાનમાં જવા માટે પ્રાઇવેટ કમાન્ડર જીપ ગાડીઓ કરેલ હતી. અમે જાનમાં ગયેલ નહી. બનાવ વખતે હું વલસાડી ગામે મારા ઘરે હતો. બનાવની જાણ મને વાતોવાતથી થયેલી. બનાવમાં લીલાબેન અકસ્માત થયેલ જીપ ગાડીની નીચે આવી જતા મરણ ગયેલાનું જાણેલું. પાછળથી અમોને અકસ્માત કરનાર જીપ ગાડીનો ચાલક ગુંદીખાણાનો શંકરભાઇનો દિકરો હોવાનું જાણવા મળેલ.

આ સાહેદ બચાવપક્ષ ધ્વારા કરવામાં આવેલ ઉલટતપાસમાં એ હકીકત જણાવેલ છે કે, એ વાત ખરી નથી કે, જીપ ગાડીનો ચાલક શંકરભાઇનો દિકરો હતો તે મે વાતોવાતથી જાણેલાની હકીકત ખોટી જણાવુ

છું. એ વાત ખરી છે કે, બનાવમાં મે આરોપીને નજરો નજર જોયેલ નહી.

(૧૪) ફરીયાદપક્ષે સાહેદ સંગીતાબેન જોવનાભાઇ બુબડીયાને આંક–૨૪ થી તપાસવામાં આવેલ છે. તેઓ તેમની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવે છે કે, હું ભણેલ નથી. આ કામના ફરીયાદી મીનાભાઇ સાજાભાઇ મારા કાકા થાય છે. કેસરાભાઇ મણાભાઇ અમારા ભોટા (દાદા) થાય છે. બનાવના દિવસે મારા ભોટા કેસરાભાઇના દિકરા રૂમાલભાઇનું લગ્ન હતુ. બનાવ વખતે જાન વલસાડીથી કેસરપુરા જીપ ગાડીઓમાં જવાની હતી. જેથી હું તથા ગામના બીજા માણસો કેસરપુરા જાનમાં જવા સારૂ એક કમાન્ડર જીપ ગાડીમાં બેસેલ. જે જીપ ગાડી ગુંદીખાણાના શંકરભાઇનો છોકરો ચલાવતો હતો. સદરહુ જીપ ગાડી સાલેરા ગામ પાસે પહોંચતા જીપ ગાડી ધીમે ધીમે ચાલતી હતી પરંતુ ડ્રાઇવર દારૂ પીધેલ હોઇ રોડની સાઇડે ઉતારી દીધેલ અને જેના કારણે જીપ પલટી ખાઇ ગયેલ. સદર અકસ્માત જીપ ગાડીના ચાલકની ભુલના કારણે બનેલ. સદર અકસ્માતમાં ડાબા કાનના પાછળના ભાગે ઈજાઓ થયેલ. સદર અકસ્માતમાં હોનાભાઇના પત્ની જીપ ગાડી નીચે આવી જતા દબાઇ જતા મરણ ગયેલ. બનાવમાં મારી કાકી હરમીબેનને હાથમાં ઈજાઓ થયેલ. તેમજ રામસાભાઇનો છોકરો હતો તેને પણ ઈજા થયેલી. જીપ ગાડીનો ચાલક અકસ્માત બાદ ગાડી મુકીને નાસી ગયેલ.

આ સાહેદ બચાવપક્ષ ધ્વારા કરવામાં આવેલ ઉલટતપાસમાં એ હકીકત જણાવેલ છે કે, એ વાત ખરી નથી કે, બનાવવાળી જગ્યા વળાંકવાળી છે. એ વાત ખરી નથી કે, બનાવવાળો રોડ સાંકડો હતો. એ વાત ખરી છે કે, બે વાહન એક સાથે તે રોડ ઉપર જઇ શકે નહી. એ વાત ખરી છે કે, અમે લગન ગીતો ગાતા હતા. એ વાત ખરી છે કે, તેથી જીપ ગાડી કેવી રીતે પલટી ખાઇ ગયેલી તેની મને ખબર નથી. એ વાત ખરી નથી કે, ડ્રાઇવરને મે જોયેલ નહી તેથી હાલ હું ઓળખી શકુ નહી. એ વાત ખરી નથી કે, અકસ્માત જીપ ગાડીના ભુલના કારણે બનેલ હોવાની હકીકત હું ખોટી જણાવું છું. એ વાત ખરી નથી કે, જીપ ગાડીના ડ્રાઇવરે દારૂ પીધેલ હતો.

(૧૫) ફરીયાદપક્ષે સાહેદ હરમીબેન ગુલાભાઇ બુબડીયાને આંક–૨૫

થી તપાસવામાં આવેલ છે. તેઓ તેમની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવે છે કે, હું ભણેલ નથી. આ કામના ફરીયાદી મીનાભાઇ સાજાભાઇ મારા કાકા સસરા થાય છે. બનાવના દિવસે કેસરાભાઇ મણાભાઇના દિકરા રૂમાલભાઇનું લગ્ન હતુ. બનાવ વખતે જાન વલસાડીથી કેસરપુરા જીપ ગાડીઓમાં જવાની હતી. જેથી હું તથા ગામના બીજા માણસો કેસરપુરા જાનમાં જવા સારૂ એક કમાન્ડર જીપ ગાડીએ પલટી ખાધેલ તેમાં બેસેલ. જે જીપ ગાડી ગુંદીખાણાના શંકરભાઇનો છોકરો ચલાવતો હતો. સદરહુ જીપ ગાડી સાલેરા ગામ પાસે પહોંચતા જીપ ગાડી ધીમે ધીમે ચાલતી હતી પરંતુ જીપ પલટી ખાઇ ગયેલ. સદર અકસ્માતમાં મને જમણા હાથે તથા માથામાં તથા શરીરે ઇજાઓ થયેલ. સદર અકસ્માતમાં લીલાબેન હોનાભાઇ જીપ ગાડી નીચે આવી જતા દબાઇ જતા મરણ ગયેલ. બનાવમાં મારી ભત્રીજી સંગીતાબેનને ડાબા કાનના પાછળના ભાગે ઇજાઓ થયેલ. સદર અકસ્માતમાં બંછીભાઇ લખાભાઇને ઇજાઓ થયેલી. સદર ફરીયાદના કામે પોલીસે મારો જવાબ લીધેલ.

આ સાહેદ બચાવપક્ષ ધ્વારા કરવામાં આવેલ ઉલટતપાસમાં એ હકીકત જણાવેલ છે કે, એ વાત ખરી છે કે, શંકરભાઇનો છોકરો અકસ્માતવાળી જીપ ચલાવતો હતો તે મે વાતોવાતથી જાણેલ મે તેને જોયેલ નહી. એ વાત ખરી છે કે, હું જીપ ગાડીની પાછળ બેસેલ હતી. હવે હુ કઉ છું કે વચ્ચેની સીટે બેસેલ હતી. એ વાત ખરી છે કે, અમો અંદર અંદર વાતો કરતા હતા. એ વાત ખરી છે કે, હું પાછળ બેસેલ હોઇ જીપ ગાડી કેવી રીતે પલટી ખાઇ ગયેલ તે મને ખબર નથી.

(૧૬) ફરીયાદપક્ષે સાહેદ મણાભાઇ વજાભાઇ બુબડીયાને આંક–૨૬ થી તપાસવામાં આવેલ છે. તેઓ તેમની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવે છે કે, હું ભણેલ નથી. આ કામના ફરીયાદી મીનાભાઇ સાજાભાઇ મારા કાકા થાય છે. બનાવના દિવસે કેસરાભાઇ મણાભાઇના દિકરા રૂમાલભાઇનું લગ્ન હતુ. બનાવ વખતે જાન વલસાડીથી કેસરપુરા જીપ ગાડીઓમાં જવાની હતી. જેથી હું તથા ગામના બીજા માણસો કેસરપુરા જાનમાં જવા સારૂ નીકળેલા અને સાલેરા ગામ નજીક પહોંચતા અમારી આગળ જતી કમાન્ડર જીપ ગાડી પલટી ખાઇ ચેલી અને અમો જયારે બનાવ સ્થળે ૧૫ મીનીટ પછી પહોંચેલ

અને જઇને જોયેલ તો જીપ ગાડી પલટી ખાઇ ગયેલ હાલતમાં પડેલ હતી અને ઈજા પામનાર તમામ લોકોને દવાખાને લઈ ગયેલા. આ ગાડી ગુંદીખાણાના શંકરભાઈનો છોકરો ચલાવતો હતો. તે મે વાતોવાતથી જાણેલ. સદર બનાવમાં લીલાબેન હોનાભાઇનાઓ મરણ ગયેલાનું વાતોવાતથી જાણેલ.

આ સાહેદ બચાવપક્ષ ધ્વારા કરવામાં આવેલ ઉલટતપાસમાં એ હકીકત જણાવેલ છે કે, એ વાત ખરી છે કે, અકસ્માતવાળો બનાવ મે નજરો નજર જોયેલ નથી.

(૧૭) ફરીયાદપક્ષે સાહેદ લસાભાઈ લીંબાભાઈ બુબડીયાને આંક-૨૯ થી તપાસવામાં આવેલ છે. તેઓ તેમની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવે છે કે, હું ભણેલ નથી. આ કામના ફરીયાદી અમારા ગામના હોઈ ઓળખું છું. બનાવ આજથી આશરે બારેક માસ અગાઉ દસ થી બારના ગાળામાં સાલેરા ગામમાં બનેલો. બનાવની જાણ મને ફોનથી રમશાભાઈએ કરેલી. જેથી હું ખાનગી દવાખાને પોશીના ખાતે ગયેલો અને જઇને જોયેલ તો લીલાબેનની લાસ પડેલ હતી. આ સીવાય બનાવ વિશે હું કંઈ જાણતો નથી.

સદર સાહેદ પોલીસ રૂબરૂના નિવેદનની હકીકતને સમર્થન કરતા ના હોઈ વિ.એ.પી.પી.શ્રી ધ્વારા ફરી ગયેલા સાહેદ તરીકે જાહેર કરેલા છે.

આ સાહેદ બચાવપક્ષ ધ્વારા કરવામાં આવેલ ઉલટતપાસમાં એ હકીકત જણાવેલ છે કે, એ વાત ખરી છે કે, બનાવની જાણ ફોનથી થયેલી જેથી હું સીવીલમાં ગયેલો અને બનાવ વિશે મને કોઈ જાત માહિતી નથી.

(૧૮) ફરીયાદપક્ષે સાહેદ કસનાભાઈ અનાભાઈ બુબડીયાને આંક-૩૦ થી તપાસવામાં આવેલ છે. તેઓ તેમની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવે છે કે, હું ભણેલ નથી. આ કામના ફરીયાદી અમારા ગામના હોઈ ઓળખું છું. બનાવ આજથી આશરે બારેક વાગ્યાના ગાળામાં સાલેરા ગામે બનેલો. બનાવની જાણ મને ફોનથી રમશાભાઈએ કરેલી. જેથી હું ખાનગી દવાખાને પોશીના ખાતે ગયેલો અને જઇને જોયેલ તો લીલાબેનની લાસ પડેલ હતી. આ સીવાય બનાવ વિશે હું કંઈ જાણતો નથી.

સદર સાહેદ પોલીસ રૂબરૂના નિવેદનની હકીકતને સમર્થન કરતા ના હોઇ વિ.એ.પી.પી.શ્રી ધ્વારા ફરી ગયેલા સાહેદ તરીકે જાહેર કરેલા છે.

આ સાહેદ બચાવપક્ષ ધ્વારા કરવામાં આવેલ ઉલટતપાસમાં એ હકીકત જણાવેલ છે કે, એ વાત ખરી છે કે, બનાવની જાણ ફોનથી થયેલી જેથી હું સીવીલમાં ગયેલો અને બનાવ વિશે મને કોઇ જાત માહિતી નથી.

(૧૯) ફરીયાદપક્ષે સાહેદ જોગવાભાઇ રમશાભાઇ બુબડીયાને આંક-૩૧ થી તપાસવામાં આવેલ છે. તેઓ તેમની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવે છે કે, હું ભણેલ નથી. આ કામના ફરીયાદી અમારા ગામના હોઇ ઓળખું છું. બનાવ આજથી આશરે બારેક માસ અગાઉ બારેક વાગ્યાના ગાળામાં સાલેરા ગામે બનેલો. બનાવના દિવસે જીપ ગાડીમાં બેસી કેશરપુરા ગામે કેસરાભાઇના દિકરા રૂમાલભાઇનું લગ્ન હોઇ જાનમાં જવા સારૂ ગામના માણસો પ્રાઇવેટ જીપ ગાડીમાં બેસી નીકળેલ હતા તે વખતે સાલેરા ગામે આશરે બપોરે એકાદ વાગ્યાના સુમારે એક કમાન્ડર જીપ ગાડી પલટી ખાઇ ગયેલ. જેથી બનાવની જાણ થતા હું મારા ઘરે પરત નીકળી ગયેલ જેથી બનાવ વિશે હું કાંઇ જાણતો નથી. ફરીયાદના કામે પોલીસે મારો જવાબ લીધેલ.

સદર સાહેદ પોલીસ રૂબરૂના નિવેદનની હકીકતને સમર્થન કરતા ના હોઇ વિ.એ.પી.પી.શ્રી ધ્વારા ફરી ગયેલા સાહેદ તરીકે જાહેર કરેલા છે.

આ સાહેદ બચાવપક્ષ ધ્વારા કરવામાં આવેલ ઉલટતપાસમાં એ હકીકત જણાવેલ છે કે, એ વાત ખરી છે કે, બનાવની જાણ વાતોવાતથી થયેલી. બનાવ મે નજરો નજર જોયેલ નથી.

(૨૦) ફરીયાદપક્ષે સાહેદ રૂમાલભાઇ કેશરાભાઇ બુબડીયાને આંક-૩૨ થી તપાસવામાં આવેલ છે. તેઓ તેમની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવે છે કે, હું ભણેલ નથી. આ કામના ફરીયાદીને ઓળખતો નથી. ફરીયાદવાળા બનાવ વિશે હું કાંઇ જાણતો નથી. ફરીયાદના કામે પોલીસે

મારો કોઇ જવાબ લીધેલ નથી.

સદર સાહેદ પોલીસ રૂબરૂના નિવેદનની હકીકતને સમર્થન કરતા ના હોઇ વિ.એ.પી.પી.શ્રી ધ્વારા ફરી ગયેલા સાહેદ તરીકે જાહેર કરેલા છે.

આ સાહેદ બચાવપક્ષ ધ્વારા કરવામાં આવેલ ઉલટતપાસમાં એ હકીકત જણાવેલ છે કે, એ વાત ખરી છે કે, કહેવાતા બનાવ વિશે મને કોઇ જાત માહિતી નથી.

(૨૧) ફરીયાદપક્ષે સાહેદ બંસીભાઇ લખાભાઇ બુબડીયાને આંક-૩૬ થી તપાસવામાં આવેલ છે. તેઓ તેમની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવે છે કે, અમારા ગામના કેશરાભાઇ મણાભાઇ બુબડીયા નાઓના દિકરાનું લગ્ન આજથી આશરે બે એક વર્ષ અગાઉ કોઇ કેશરપુરા ગામે બનાવના દિવસે જાનમાં જવા માટે કમાન્ડર જીપ ગાડી કરેલ હતી. હું તથા ગામના બીજા માણસો કેશરપુરા ગામે જાનમાં જવા સારૂ પ્રાઇવેટ જીપગાડી જી.જે.૧૫.બી.બી.૨૫૧ માં બેસેલ હતા અને બપોરના દોઢેક વાગે જાન લઇ નીકળેલા અને સાલેરા ગામે પહોંચતા જીપ ગાડીના ચાલકે સ્ટેરીંગ ઉપરનો કાબુ ગુમાવતા સદર કમાન્ડર જીપ ગાડી રોડની ડાબી બાજુએ ઉતરી જતાં પલટી ખાઇ ગયેલ જેથી બુમાબુમ થતાં બીજી જીપગાડીઓમાંથી માણસો દોડીને પલટી ખાઇ ગયેલ જીપ ગાડી નજીક આવેલા અને અમારા કુટુંબી લીલાબેન હોનાભાઇ બુબડીયા નાઓ જીપ ગાડી નીચે દબાઇ ગયેલ. જેથી બીજા માણસોએ ભેગા મળી તેમને જીપ નીચેથી બહાર કાઢેલ. સદર બનાવમાં મને છાતીના ભાગે તથા જમણા પગે ઇજાઓ થયેલ. બનાવમાં સંગીતાબેન, હરમીબેન નાઓને પણ નાની મોટી ઇજાઓ થયેલ. સદર અકસ્માતમાં લીલાબેન હોનાભાઇ બુબડીયાનાઓ મરણ ગયેલાનું જણાયેલું. મે પોશીના જનતા હોસ્પીટલ ખાતે ઇજાઓ થયેલ હોઇ સારવાર લીધેલ. ફરીયાદના કામે પોલીસે મારો જવાબ લીધેલ. બનાવ સમયે જીપ ગાડીના ચાલકને મે જોયેલા જે ગુંદીખાણા ગામનો હતો.

આ સાહેદ બચાવપક્ષ ધ્વારા કરવામાં આવેલ ઉલટતપાસમાં

એ હકીકત જણાવેલ છે કે, હું ભણેલો નથી. એ વાત ખરી છે કે, હું ભણેલો નથી તેથી અંગ્રેજી શબ્દો મને લખતા વાંચતા આવડે નહી. એ વાતની મને ખબર નથી કે જીપમાં કેટલા માણસો બેઠેલા હતા. એ વાત ખરી છે કે, પોલીસે મને મારૂ નામ, સરનામું, ધંધો એટલું લખાવેલ તે સીવાય બીજી કોઇ હકીકત મને પુછેલ નહી કે મે જણાવેલ નહી. એ વાત ખરી છે કે, બનાવ કેવી રીતે બનેલો તે મને ખબર નથી.

(૨૨) ફરીયાદપક્ષે ત.ક.અમલદાર દિલીપસિંહ સેતાનસિંહ રાઓલને આંક–૪૦ થી તપાસવામાં આવેલ છે. તેઓ તેમની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવે છે કે, ગઇ તા.૦૧/૦૭/૨૦૨૪ ના રોજ અમો પોશીના પો.સ્ટે ખાતે પો.સ.ઇ. તરીકે ફરજ ઉપર હતા દરમ્યાન પી.એસ.ઓ. તરફથી આ કામના ફરીયાદીની ફરીયાદ મીનાભાઇ સાજાભાઇ બુબડીયાનાઓની ફરીયાદ દાખલ કરી આગળની તપાસ સારૂ અમારી તરફ મોકલી આપવામાં આવેલ. જે ફરીયાદ હકીકત જોતાં આ કામના આરોપી પોતાના કબજાની કમાન્ડર જી.જે.૧૫.૦૦૫૧ ની પોતાની ગાડીમાં પેસેન્જર બેસાડી લઇ જતાં સમયે પુરઝડપે, બેદરકારી રીતે ચલાવી ગાડી પલટી ખવડાવી ગાડીમાં બેસેલ લીલાબેન હોનાભાઇ બુબડીયાનાઓનું મોત થયેલ તથા અન્ય સાહેદોને ઈજાઓ થયેલ વિગેરે મતલબની ફરીયાદ બાબતે હે.કો. દિલીપભાઇ નાઓએ મરણ જનારનું ઈન્કવેસ્ટના કાગળો કરી અમારી તરફ મોકલી આપેલ. જેથી આ કામે સાહેદોના અમારી રૂબરૂના નિવેદનો લેવામાં આવેલ તથા ગુનાવાળી જગ્યાનું પંચનામું કરવામાં આવેલ. આરોપી વિરૂધ્ધ પુરતા પુરાવા મળી આવેલ હોઇ આરોપી વિરૂધ્ધ સુપ્રિમ કોર્ટની ગાઇડ લાઇન મુજબ નોટીસ આપી તેની સામે કાર્યવાહી કરવામાં આવેલ. તેમજ આ કામે મરણ જનારના પી.એમ. નોટ તથા સાહેદોના મેડીકલ સર્ટીફીકેટ આવતા જે આ ગુનાના કામે સામેલ રાખવામાં આવેલ ત્યાર બાદ અમારી પોશીનાથી તાલીમ આવતા અમો આગળની તપાસ હે.કો. દિલીપભાઇ ભાણજીભાઇ નાઓ તરફ કરેલ હતી અને તેઓએ આરોપી વિરૂધ્ધ પુરતા પુરાવા હોઇ ચાર્જશીટ કરેલ. આજરોજ અસલ સુચિપત્ર રજુ કરુ છુ તેમાં પી.એસ.ઓ.ની સહી ઓળખી બતાવુ છું. આરોપીને આજરોજ હાજર હોય જોયેથી ઓળખું છું.

આ સાહેદ બચાવપક્ષ ધ્વારા કરવામાં આવેલ ઉલટતપાસમાં એ હકીકત જણાવેલ છે કે, એ વાત ખરી નથી કે, તપાસના કામે મે સાહેદોના જવાબો તેમના લખાવ્યા મુજબ ના લખી લેતાં મારી મનસ્વી રીતે લખી લીધેલ. એ વાત ખરી નથી કે, ગુનાવાળી જગ્યાનું પંચનામું પંચોના લખાવ્યા મુજબ ના લખતાં મે મારી મનસ્વી રીતે લખી લીધેલ. એ વાત ખરી નથી કે, આ કામે પુરતો પુરાવો ના હોય છતાં દિલીપભાઈ ભાણજીભાઈએ ખોટુ ચાર્જશીટ કરેલ છે.

(૨૩) **<u>પુરાવાનું મુલ્યાંકન :-</u>**

સદર કામે ફરીયાદ તરફે રજુ પુરાવાનું મુલ્યાંકન કરતા પહેલા ભારતીય પુરાવા અધિનિયમ-૧૦૧ જોવામાં આવે તો,

**<u>કલમ-૧૦૧ સાબિતિનો બોજો</u> :**

*''કોઈપણ વ્યકિત ઈચ્છતી હોય કે પોતે પ્રતિપાદન કરે છે તે હકીકતોનો અસ્તીત્વના આધાર પરથી કોઈ અદાલત કોઈ કાનુની અધિકાર અથવા જવાબદારી અંગે ચુકાદો આપે તેને તે હકીકત અસ્તીત્વમાં છે તેમ સાબિત કરવું પડે. જયારે કોઈ હકીકતમાં અસ્તીત્વ સાબિત કરવા એક વ્યકિત બંધાયેલ હોય ત્યારે એમ કહેવાય કે તે વ્યકિત પણ સાબીતીનો બોજો છે.''*

આમ, ભારતીય પુરાવા અધિનિયમની કલમ-૧૦૧ જોતા પોતાનો કેસ સાબિત કરવાની જવાબદારી ફરીયાદપક્ષની રહે છે અને તે કેમ એ કરીને ઓછી થતી નથી. ભારતીય ન્યાય શાસ્ત્રનો નિયમ છે કે સો ગુનેગારો ભલે છુટી જતા પરંતુ એક નિર્દોષને સજા ન થવી જોઈએ. ઉપરોકત ન્યાય શાસ્ત્રના સિધ્ધાંતને ધ્યાને લઈ ફરીયાદપક્ષે રજુ કરવામાં આવેલ પુરાવાનું મુલ્યાંકન કરવામાં આવે તો, હાલના આરોપી ઉપર ભારતીય ન્યાય સંહિતાની કલમ-૧૦૬(૧), ૨૮૧, ૧૨૫(એ), ૧૨૫(બી) તથા એમ.વી. એકટની કલમ-૧૭૭, ૧૮૪, ૧૩૪(બી) મુજબના ગુન્હાનું તહોમત છે ત્યારે ભારતીય ન્યાય સંહિતા, ૨૦૨૩ ની કલમ-૨૮૧ વંચાણે લેવામાં આવે તો -

**કલમ–૨૮૧ :– જાહેર રસ્તા પર બેકાળજીથી વાહન ચલાવવા અથવા સવારી કરવા બાબત...**

જે કોઇ વ્યકિત, માણસોની જિંદગી જોખમમાં મુકાય અથવા અન્ય વ્યકિતને વ્યથા કે હાનિ થવાનો સંભવ હોય એવી બેફામ રીતે અથવા બેદરકારીથી જાહેર રસ્તા ઉપર કોઈ વાહન ચલાવે અથવા સવારી કરે તો તેને છ મહિના સુધીની બેમાંથી કોઇ પ્રકારની કેદની અથવા એક હજાર રૂપિયા સુધીના દંડની અથવા તે બંને શિક્ષા કરવામાં આવશે.

આમ, સદરહું કલમ નીચેનો ગુનો સાબિત કરવો હોય તો આ કામના આરોપી બનાવ સમયે પોતાના કબજાનું વાહન ગફલતભરી રીતે, બેદરકારીથી અને મનુષ્ય જીવન જોખમાય તેવી રીતે વાહન ચલાવતા હતા તે સાબિત કરવું પડે.

સદર કામે ફરીયાદપક્ષે તરફે રજુ પુરાવા તથા ફરીયાદ હકીકત ધ્યાને લેતાં આ કામે ફરીયાદપક્ષે આંક–૧૬ થી સાહેદ નં.૧ તરીકે ફરીયાદી મીનાભાઇ સાજાભાઇ બુબડીયાને તપાસેલા છે. તેઓએ તેમની ફરીયાદને અનુરૂપ જુબાની આપેલ છે અને જણાવેલ છે કે, સદરહુ અકસ્માત ગાડીના ડ્રાઇવરની ભુલના કારણે બનેલો. જીપ ગાડીની ઝડપ ૫૦ થી ૬૦ કિ.મી.ની હતી, પરંતુ બચાવપક્ષે કરવામાં આવેલ ઉલટતપાસમાં સદરહુ ફરીયાદી કબુલ રાખેલ છે કે, એ વાત ખરી છે કે, જીપ પલટી મારી ગયેલ પછી અમે ગયેલા. વધુમાં સદરહુ ફરીયાદી કબુલ રાખેલ છે કે, એ વાત ખરી છે કે, આ જીપ ગાડીના ચાલકનું નામ પોલીસે મને કીધેલ તેથી મે જાણેલું. વધુમાં સદરહુ ફરીયાદી કબુલ રાખેલ છે કે, બનાવવાળી જગ્યાએ બમ્પ આવી ગયેલ તેથી ગાડી પલટી ખાઇ ગયેલી. આમ, આ હકીકત જોતાં આ કામના ફરીયાદી બનાવ નજરે જોયેલ નથી અને પોતાની ફરીયાદમાં જીપ ગાડીના ચાલકનું નામ પણ પોલીસના કહેવાથી તેમને લખાવેલ હોવાનું જણાઇ આવે છે ત્યારે સદરહુ બનાવ વખતે આ કામના આરોપી જ અકસ્માત વાળું વાહન ચલાવતા હતા અને તે વખતે અકસ્માતવાળી જીપ ગાડીની ઝડપ ૫૦ થી ૬૦ કિ.મી. ની હતી તે હકીકત માની શકાય નહી. વધુમાં ફરીયાદપક્ષે આંક–૨૧ થી સાહેદ કેસરાભાઇ મણાભાઇ બુબડીયાને તપાસવામાં આવેલ છે. તેઓની

જુબાની જોવામાં આવે તો તેઓએ બનાવ હકીકતને સમર્થન કરેલ છે, પરંતુ ફરીયાદીથી વિપરીત હકીકત કહેતા જણાવે છે કે, બનાવ વખતે જીપ ગાડી આસ્તે (ધીમે) ચાલતી હતી. વધુમાં સદરહુ સાહેદ જણાવે છે કે, અકસ્માત બાદ ગાડીનો ચાલક ગાડી મુકી નાસી ગયેલો. આમ, આ હકીકત જોતાં પણ ફરીયાદી બનાવ વખતે જીપ ગાડીની ઝડપ ૫૦ થી ૬૦ કિ.મી. ની હોવાની જે હકીકત જણાવે છે તે અહી શંકા ઉત્પન્ન થાય છે. વધુમાં સદરહુ સાહેદ જણાવે છે કે, ફરીયાદના કામે પોલીસે મારો જવાબ લીધેલો નહી અને સદર અકસ્માત કરનાર જીપ ગાડીનો નંબર શું હતો તે મે જોયેલ નહી. વધુમાં સદરહુ સાહેદ બચાવપક્ષે કરવામાં આવેલ ઉલટતપાસમાં પણ કબુલ રાખેલ છે કે, હું બીજી જીપમાં બેસેલ હોવાથી જીપ કઇ રીતે પલટી ખાઇ ગયેલ તે મે જોયેલ નહી. વધુમાં સદરહુ સાહેદ કબુલ રાખેલ છે કે, અકસ્માત કરનાર ડ્રાઇવરને મે જોયેલ નહી. આમ, આ સાહેદની જુબાની થકી પણ ફરીયાદપક્ષ આ કામના આરોપી અકસ્માત વખતે અકસ્માતવાળું વાહન ચલાવી રહયા હતા તે હકીકત પુરવાર કરી શકેલ નથી. વધુમાં ફરીયાદપક્ષે આંક-૨૨ થી સાહેદ જોગાભાઇ હસાભાઇ બુબડીયાને તપાસવામાં આવેલ છે. તેઓની જુબાની જોવામાં આવે તો તેઓ જણાવે છે કે, આ અકસ્માત વળાંક આવવાના કારણે થયેલો. આમ, આ સાહેદની જુબાની જોવામાં આવે તો તે ફરીયાદી તથા આંક-૨૧ થી તપાસવામાં આવેલ સાહેદની જુબાનીથી વિપરીત જુબાની આપી અને જણાવે છે કે, અકસ્માત વળાંક આવવાના કારણે થયેલો. આમ, ફરીયાદપક્ષ તરફે તપાસવામાં આવેલ ફરીયાદી તથા ઉપરોકત બંને સાહેદોની જુબાનીમાં અકસ્માત કઇ રીતે થયેલો તે અંગે વિરોધાભાસ જણાઇ આવે છે. વધુમાં સદરહુ સાહેદ પણ જણાવે છે કે, ફરીયાદના કામે પોલીસે મારો જવાબ લીધેલ નહી. અકસ્માત કરનાર જીપનો નંબર તે મે જોયેલ નહી. વધુમાં સદરહું સાહેદ જણાવે છે કે, અકસ્માત થતા જીપ ગાડીનો ચાલક જીપ ગાડી મુકી નાસી ગયેલ હતો. આમ, આ સાહેદ પણ અકસ્માત કરનાર જીપ ગાડીનો નંબર જણાવી શકતા નથી તેમજ પોલીસે તેઓનો જવાબ લીધેલ ન હોવાનું સ્પષ્ટ રીતે જણાવે છે. વધુમાં સદરહુ સાહેદ બચાવપક્ષે કરવામાં આવેલ ઉલટતપાસમાં કબુલ રાખેલ છે કે,

બનાવ બન્યો ત્યારે મે આરોપીને જોયેલ નહી અને અકસ્માત વાળી ગાડી શંકરભાઈનો છોકરો ચલાવતો હતો તે વાત મને પોલીસે કહેલી હોવાનું સ્પષ્ટ કબુલ રાખેલ છે. આમ, આ સાહેદની જુબાની થકી પણ ફરીયાદપક્ષ આ કામના આરોપી અકસ્માત વખતે અકસ્માતવાળું વાહન ચલાવી રહયા હતા તે હકીકત પુરવાર કરી શકેલ નથી. વધુમાં ફરીયાદપક્ષે આંક–૨૩ થી સાહેદ મહેશભાઈ હસાભાઈ બુબડીયાને તપાસવામાં આવેલ છે. તેઓની જુબાની જોવામાં આવે તો તેઓ જણાવે છે કે, બનાવ વખતે હું વલસાડી ગામે મારા ઘરે હતો. બનાવની જાણ મને વાતોવાતથી થયેલી. આમ, આ સાહેદે પણ બનાવ નજરે જોયેલ નથી અને તેઓને બનાવની જાણ વાતોવાતથી થયેલી છે. ત્યારે આ સાહેદની જુબાની થકી પણ આરોપીને દોષિત ઠરાવી શકાય નહી. વધુમાં ફરીયાદપક્ષે આંક–૨૪ થી સાહેદ સંગીતાબેન જોવનાભાઈ બુબડીયાને તપાસવામાં આવેલ છે. તેઓની જુબાની જોવામાં આવે તો તેઓ જણાવે છે કે, જીપ ગાડી સાલેરા ગામે પહોંચતા ધીમી ગતીએ ચાલતી હતી પરંતુ ડ્રાઈવર દારૂ પીધેલ હોય રોડની સાઈડે ઉતારી દીધેલી અને જેના કારણે જીપ પલટી ખાઈ ગયેલી. આમ, આ સાહેદની જુબાની જોવામાં આવે તો તે કોઈ નવી જ હકીકત લઈને આવેલ છે અને જણાવેલ છે કે, ડ્રાઈવર દારૂ પીધેલ હાલતમાં હતો. વધુમાં સદરહુ સાહેદ બચાવપક્ષે કરવામાં આવેલ ઉલટતપાસમાં કબુલ રાખેલ છે કે, એ વાત ખરી છે કે, અમે લગ્નના ગીતો ગાતા હતા તેથી જીપ ગાડી કેવી રીતે પલટી ખાઈ ગયેલી તે મને ખબર નથી. વધુમાં સદરહુ સાહેદ કબુલ રાખેલ છે કે, બનાવવાળી જગ્યા વળાંકવાળી છે. આમ, આ સાહેદની જુબાની થકી પણ ફરીયાદપક્ષ આ કામના આરોપી અકસ્માત વખતે અકસ્માતવાળું વાહન પુરઝડપે અને ગફલતભરી રીતે ચલાવી રહયા હતા તે હકીકત પુરવાર કરી શકેલ નથી. વધુમાં ફરીયાદપક્ષે આંક–૨૫ થી સાહેદ હરમીબેન ગુલાભાઈ બુબડીયાને તપાસવામાં આવેલ છે. તેઓની જુબાની જોવામાં આવે તો તેઓ જણાવે છે કે, જીપ ગાડી સાલેરા ગામે પહોંચતા જીપ ગાડી થોડી ધીમી ચાલતી હતી પરંતુ જીપ ગાડી પલટી ખાઈ ગયેલી. આમ, આ સાહેદ અકસ્માતવાળો બનાવ બનેલ હોવાની હકીકત તો જણાવી રહયા છે, પરંતુ બચાવપક્ષે કરવામાં આવેલ

ઉલટતપાસમાં કબુલ રાખેલ છે કે, શંકરભાઈનો છોકરો એટલે કે હાલનો આરોપી અકસ્માતવાળી જીપ ચલાવતો હતો તે મે વાતોવાતથી જાણેલ. મે તેને જોયેલ નથી. વધુમાં સદરહુ સાહેદ કબુલ રાખેલ છે કે, હું જીપ ગાડીની પાછળ બેસેલ હોય જીપ ગાડી કેવી રીતે પલટી ખાઇ ગયેલ તેની મને ખબર નથી. આમ, આ સાહેદની જુબાની થકી પણ ફરીયાદપક્ષ આ કામના આરોપી અકસ્માત વખતે અકસ્માતવાળું વાહન પુરઝડપે અને ગફલતભરી રીતે ચલાવી રહયા હતા તે હકીકત પુરવાર કરી શકેલ નથી. વધુમાં ફરીયાદપક્ષે આંક–૨૯ થી સાહેદ લસાભાઈ લીમ્બાભાઈ બુબડીયાને તથા આંક–૩૦ થી સાહેદ હસનાભાઈ કાનાભાઈ બુબડીયાને તપાસવામાં આવેલ છે. તેઓએ ફરીયાદપક્ષના કેસને સમર્થન કરેલ નથી અને જણાવે છે કે, બનાવની જાણ અમોને ફોનથી રમશાભાઈએ કરેલી. આ સીવાય બનાવ વિશે અમો કાંઈ જાણતા નથી. આમ, આ સાહેદો પણ ફરીયાદપક્ષના કેસને સમર્થન કરતા ના હોઈ તેઓની જુબાની થકી પણ ફરીયાદપક્ષના કેસને સમર્થન પ્રાપ્ત થયેલ નથી. વધુમાં ફરીયાદપક્ષે આંક–૩૨ થી સાહેદ રૂમાલભાઈ કેસરાભાઈનાઓને તપાસવામાં આવેલ છે. તેઓએ પણ ફરીયાદપક્ષના કેસને સમર્થન કરેલ નથી અને જણાવે છે કે, આ કામના ફરીયાદીને હું ઓળખતો નથી. ફરીયાદ વાળા બનાવ વિશે હું કાંઈ પણ જાણતો નથી. ફરીયાદના કામે પોલીસે મારો કોઈ જવાબ લીધેલ નથી. વધુમાં ફરીયાદપક્ષે આંક–૩૬ થી સાહેદ બંસીભાઈ લખાભાઈ બુબડીયાને તપાસવામાં આવેલ છે. તેઓએ ફરીયાદપક્ષના કેસની હકીકતને સમર્થન કરેલ છે, પરંતુ બચાવપક્ષે કરવામાં આવેલ ઉલટતપાસમાં તેઓ કબુલ રાખેલ છે કે, પોલીસને મે મારુ નામ, સરનામું, ધંધો એટલું લખાવેલું તે સીવાય બીજી કોઈ હકીકત મને પુછેલ નહી કે મે જણાવેલ નહી. વધુમાં સદરહુ સાહેદ કબુલ રાખેલ છે કે, બનાવ કેવી રીતે બનેલો તેની મને ખબર નથી. આમ, આ સાહેદ પોતાની જુબાનીમાં બનાવ બનેલાની હકીકત તો જણાવે છે, પરંતુ ઉલટતપાસમાં બનાવ કેવી રીતે બનેલ તેની તેમને ખબર ન હોવાનું જણાવે છે. વધુમાં આ સાહેદ પોલીસે તેમનો કોઈ જવાબ લીધેલ હોય તેવી હકીકત પણ જણાવતા નથી અને ઉલ્ટાનું પોલીસે તેમને તેમનું નામ, સરનામું, ધંધા સીવાય બીજી કોઈ હકીકત પુછેલ ન હોવાનું જણાવે છે

ત્યારે આ સાહેદની જુબાની થકી પણ આરોપીને દોષિત ઠરાવી શકાય તેટલો પુરાવો રેકર્ડ ઉપર લઇ આવવામાં ફરીયાદપક્ષ નિષ્ફળ રહેલ છે. વધુમાં ફરીયાદપક્ષે આંક–૪૦ થી ત.ક.અમલદાર દિલીપસિંહ સેતાનસિંહ રાઓલને તપાસવામાં આવેલ છે. તેઓએ તેમણે કરેલ તપાસને અનુરૂપ જુબાની આપેલ છે, પરંતુ સદર કામે આંક–૧૭ અને આંક–૧૮ થી તપાસવામાં આવેલ ગુનાવાળી જગ્યાના પંચો અનુક્રમે ચંદુભાઇ નાણાભાઇ ગમાર અને ભારથાભાઇ ભારમોલભાઇ ગમારની જુબાની જોવામાં આવે તો તેઓ આંક– P1/PW2 વાળા ગુનાવાળી જગ્યાના પંચનામાને સમર્થન કરેલ નથી અને ઉલટાનું જણાવે છે કે, પોલીસે લખેલ તૈયાર કાગળમાં સહી કરવાનું કહેતા સહી કરેલી. પોલીસે અમોને કોઇ ગુનાવાળી જગ્યાનું પંચનામું કરવા કોઇ જગ્યાએ બોલાવેલ હોય તેવું બનેલ નથી. ત્યારે તપાસના કામે જે આંક– P1/PW2 વાળું ગુનાવાળી જગ્યાનું પંચનામું રજુ કરેલ છે તે અંગે પણ શંકા ઉપસ્થીત થાય છે. વધુમાં ત.ક.અમલદાર પોતાની જુબાનીમાં તેઓએ ફરીયાદના કામે લાગતા વળગતા સાહેદોના નિવેદન લીધેલા હોવાની હકીકત જણાવે છે, પરંતુ ફરીયાદપક્ષ તરફે આંક-૨૧ થી તપાસવામાં આવેલ સાહેદ કેસરાભાઇ મણાભાઇ બુબડીયા, આંક-૨૨ થી તપાસવામાં આવેલ સાહેદ જોગાભાઇ હસાભાઇ બુબડીયા, આંક-૨૩ થી તપાસવામાં આવેલ સાહેદ મહેશભાઇ હસાભાઇ બુબડીયા, આંક-૨૪ થી તપાસવામાં આવેલ સાહેદ સંગીતાબેન જોવનાભાઇ બુબડીયા, આંક-૨૬ થી તપાસવામાં આવેલ સાહેદ મણાભાઇ વજાભાઇ બુબડીયા, આંક-૩૧ થી તપાસવામાં આવેલ સાહેદ જોગાભાઇ રામશાભાઇ બુબડીયા અને આંક-૩૨ થી તપાસવામાં આવેલ સાહેદ રૂમાલભાઇ કેશરાભાઇ બુબડીયાનાઓએ પોતાની જુબાનીમાં સ્પષ્ટ જણાવે છે કે, ફરીયાદના કામે પોલીસે અમારો કોઇ જવાબ લીધેલ નથી. ત્યારે ત.ક.અમલદાર ધ્વારા જે નિવેદનો લેવામાં આવેલ છે તે નિવેદનો કયાંથી અને કેવી રીતે અને કોની પાસેથી મેળવવામાં આવેલ તે અંગે શંકા ઉત્પન્ન થાય છે અને જયારે તપાસ અંગે શંકા ઉત્પન્ન કરવામાં પણ જો બચાવપક્ષ સફળ થતો હોય તો આરોપીને દોષિત ઠરાવી શકાય નહી.

(૨૪) આમ, ઉપરોકત કરેલ ચર્ચા મુજબ ફરીયાદપક્ષ આરોપી સામે ભારતીય ન્યાય સંહિતાની કલમ–૧૦૬(૧), ૨૮૧, ૧૨૫(એ), ૧૨૫(બી) તથા એમ.વી. એકટની કલમ–૧૭૭, ૧૮૪, ૧૩૪(બી) મુજબના ગુનાનો આક્ષેપીત ગુન્હો પુરવાર કરી શકેલ ન હોય **મુદા નં.૧** નો જવાબ ''**નકારમાં**'' ઠરાવી, મુદા નં.૨ પરત્વે નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**:: આખરી હુકમ ::**

૧) આ કામના આરોપી **હિતેશભાઈ શંકરભાઈ ગમાર,** રહે.ગુંદીખાણા (હળદર ફળી), તા.પોશીના, જી.સાબરકાંઠા નાઓને ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ ની કલમ–૨૭૧(૧) અન્વયે ભારતીય ન્યાય સંહિતાની કલમ–૧૦૬(૧), ૨૮૧, ૧૨૫(એ), ૧૨૫(બી) તથા એમ.વી. એકટની કલમ–૧૭૭, ૧૮૪, ૧૩૪(બી) મુજબના શિક્ષાપાત્ર ગુનામાંથી નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

૨) ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ ની કલમ–૪૮૧ અન્વયે આરોપીએ અપીલ કોર્ટમાં હાજર રહેવા સંબંધેના રૂા.૫,૦૦૦/– (અંકે રૂપિયા પાંચ હજાર પુરા) ના જામીન તથા તેટલી જ રકમનો જાત મુચરકો રજુ કરવો.

હુકમ આજ તા. **૧૫** મી, માહે **જુલાઈ,** સને **૨૦૨૬** ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી, સહી કરી જાહેર કર્યો.

**તા.**૧૫/૦૭/૨૦૨૬
**સ્થળ :** પોશીના

**(હરસિધ્ધકુમાર કે. સન્યાલ)**
જયુડી. મેજી. ફ.ક., પોશીના
જજ કોડ નં.જીજે૦૧૪૬૬

//A.B.K.//